## (1) 'NSafe' માસ્ક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ માસ્ક 'નેનોસેફ સોલ્યુસન્સ' દ્વારા બનાવવામાં આવેલું છે.
(2) આ માસ્કનો 50 વખત સુધી ધોઈને ફરી ઉપયોગ કરી શકાય છે.
(3) આ માસ્ક ત્રિ–સ્તરીય છે.
(4) તેની બેકટેરીયા માટેની અસરકારકતા 99.2% છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં IIT-દિલ્હીની એક સ્ટાર્ટ–અપ કંપની 'નેનોસેફ સોલ્યુસન્સ' દ્વારા એક માઈક્રોબીયલ અને ધોઈ શકયા તેવું માસ્ક બનાવવામાં આવેલું છે. જેનું નામ 'NSafe' માસ્ક છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ માસ્કનો 50 વખત સુધી ધોઈને ફરી ઉપયોગ કરી શકાશે. પરિણામે તેના મૂલ્યમાં ખૂબ મોટી બચત થશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દ્વારા વપરાયેલા માસ્કના વધતાં જતાં કચરાંને પણ ઓછો કરી શકાશે.

⇛ આ માસ્કમાં ત્રણ સ્તર આવેલાં છે :

- હાઈડ્રોફિલીક સ્તર : આરામદાયકતા માટે
- એન્ટિમાઈક્રોબીયલ સ્તર : જિવાણુઓનો પ્રવેશ અટકાવવા માટે
- બહારનું સ્તર : પાણી અને તેલ અવરોધક સ્તર

(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ માસ્કની બેકટેરિયાને રોકવા માટેની અસરકારતાં 99.2% છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસીએશન ઓફ ઈન્ડિયા' દ્વારા જાહેર કરવામાં આવેલાં રિપોર્ટના આધારે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતમાં પ્રથમ વખત ગ્રામ્ય ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા શહેરી ઈન્ટરનેટ વપરાશકર્તાઓ કરતાં વધુ થઈ છે.
(2) ભારતમાં 5થી 11 વર્ષના આશરે 7.1 કરોડ બાળકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.
(3) ઈન્ટરનેટના વપરાશકર્તાઓની સંખ્યા મુજબ ભારતનો વિશ્વમાં ત્રીજો ક્રમ છે.
(4) ઈન્ટરનેટના પ્રસરણ (Penentration) સંદર્ભે ભારતમાં કેરળનો પ્રથમ ક્રમ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ઈન્ટરનેટના વપરાશકર્તાઓ માટેનો એક રિપોર્ટ તાજેતરમાં 'ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ ઓસોસીએશન ઓફ ઈન્ડિયા' દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો નીચે મુજબના છે :

- ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ગ્રામ્ય ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા શહેરી ઈન્ટરનેટ વપરાશકર્તાઓ કરતાં વધુ થઈ છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- ગ્રામ્ય ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા 22.7 કરોડ જેટલી છે. જ્યારે શહેરી ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા 20.5 કરોડ જેટલી છે.
- ભારતમાં 5થી 11 વર્ષના 7.1 કરોડ બાળકો પરિવારના ઉપકરણો દ્વારા ઈન્ટરનેટનો વપરાશ કરે છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- ઈન્ટરનેટ વપરાશકર્તાઓમાં ચીન પછી ભારતનો બીજો ક્રમ આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)
- ઈન્ટરનેટ પ્રસરણના સંદર્ભે ભારતનો ક્રમ યુ.એસ. અને ચીન પછી ત્રીજો આવે છે.
- ભારતમાં સૌથી વધુ ઈન્ટરનેટ પ્રસરણ દિલ્હીમાં જોવા મળે છે. ત્યારબાદ કેરળનો ક્રમ આવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) 'ઈમ્પેક્ટ ઓફ એનર્જી એફિસિઅન્સી મેઝર્સ ફોર ધ યર 2018-19' રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ શક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) આ રિપોર્ટ બ્યુરો ઓફ એનર્જી એફિસિઅન્સી (BEE) દ્વારા બનાવવામાં આવ્યો છે.
(3) આ રિપોર્ટનો ઉદ્દેશ ઊર્જા અસરકારકતાના મુખ્ય કાર્યક્રમોનું પ્રદર્શન તપાસવાનો અને તેની અસરો જાણવાનો છે.
(4) વર્ષ 2018-19માં ચોખ્ખા વીજ વપરાશના 9.39% વીજ વપરાશની બચત થઈ છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં શક્તિ મંત્રાલય તથા નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા 'ઈમ્પેક્ટ ઓફ એનર્જી એફિસિઅન્સી મેઝર્સ ફોર ધ યર 2018-19' નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ 'PWC Ltd.' નામની સંસ્થા દ્વારા બનાવવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 2017-18થી દર વર્ષે BEE (બ્યુરો ઓફ એનર્જી એફિસિઅન્સી) કોઈ થર્ડ પાર્ટી તજજ્ઞ સંસ્થાને આ રિપોર્ટ બનાવવા માટે નિયુક્ત કરે છે.

⇛ આ રિપોર્ટનો ઉદ્દેશ ભારતમાં ચાલી રહેલાં ઊર્જા અસરકારકતાના મુખ્ય કાર્યક્રમોનું પ્રદર્શન તપાસવાનો તથા તેની અસર જાણવાનો છે. ઉપરાંત આ પ્રદર્શન કેટલી ઊર્જાની બચત થઈ અને કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં કેટલો ઘટાડો થયો છે, તે સંદર્ભે જાણવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 2018-19માં વિવિધ કાર્યક્રમો તથા યોજનાઓ દ્વારા 113.16 બિલિયન યુનિટ વીજળીની બચત થઈ છે. આ બચત ચોખ્ખા વીજ વપરાશના 9.39% જેટલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સાથે 151.74 મિલિયન ટન $CO_2$ના ઉત્સર્જનમાં ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) રવીન્દ્રનાથ ટાગોર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમને 'ગુરુદેવ' નામે પણ પ્રસિદ્ધ રીતે ઓળખવામાં આવે છે.

(2) તેઓ પ્રથમ ભારતીય છે કે જેમને નોબેલ પુરસ્કાર મળેલો છે.

(3) બાંગ્લાદેશના રાષ્ટ્રગાન 'અમાર સોનાર બાંગ્લા'ની રચના તેમણે કરેલી છે.

(4) તેમણે 'વિશ્વ–ભારતી'ની સ્થાપના કરેલી છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2), (3) અને (4)

(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ રવીન્દ્રનાથ ટાગોરની 159મી જન્મજયંતીના ભાગરૂપે નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ દ્વારા એક વર્ચ્યુલ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું નામ **'Gurudev-Journey of the Maestro through his visual vocabulary'** છે.

⇛ રવીન્દ્રનાથ ટાગોરને 'ગુરુદેવ'ના પ્રસિદ્ધ નામથી પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેઓ એક લેખક, કવિ, નાટયકર્તા, ફિલોસોફર, મ્યુઝિક કંપોઝર, કોરીયોગ્રાફર અને ચિત્રકાર તરીકે પ્રસિદ્ધ છે.

⇛ આ સાથે તેમણે 'વિશ્વ–ભારતી' નામની સંસ્થાની સ્થાપના કેરલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેઓએ ભારત અને બાંગ્લાદેશ એમ બન્નેના રાષ્ટ્રગાનની રચના કરેલી છે. બાંગ્લાદેશનું રાષ્ટ્રગાન 'અમાર સોનાર બાંગ્લા' છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ સાહિત્ય ક્ષેત્રે નોબેલ પુરસ્કાર મેળવનાર તે પ્રથમ ભારતીય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) સ્ટીરીન (Styrene) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે દહનશીલ પ્રવાહી છે.

(2) તેનો ઉપયોગ પોલીસ્ટીરીન પ્લાસ્ટિક, ફાઈબર ગ્લાસ, રબર અને લેટેક્ષના ઉત્પાદનમાં થાય છે.

(3) આ રસાયણ સિગરેટના ધુમાડામાં પણ જોવા મળી શકે છે.

(4) ટૂંકા સમય માટે રસાયણના સંપર્કથી શ્વાસોચ્છવાસની તકલીફ થઈ શકે છે.

(A) માત્ર (2), (3) અને (4)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ વિશાખાપટ્ટનમ્‌ના થયેલાં ગેસ લીકેજનો મુખ્ય સ્ત્રોત 'સ્ટીરીન પ્લાન્ટ'ની લીકેજ છે તેમ જાણવા મળેલું છે.

⇛ સ્ટીરીન એક દહનશીલ પ્રવાહી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેનો ઉપયોગ પોલીસ્ટીરીન પ્લાસ્ટિક, ફાઈબર ગ્લાસ, રબર અને લેટેક્ષના ઉત્પાદનમાં થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ રસાયણ વાહનોના એકઝોસ્ટ, સિગરેટના ધૂમાડાં તથા કેટલાંક કુદરતી ફળ અને શાકભાજીમાં પણ જોવા મળે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રસાયણની ટૂંકા–ગાળાના સંપર્કની અસરો : શ્વાસોચ્છાસમાં તકલીફ, આંખમાં ખંજવાળ/બળતરા, મેમ્બ્રેનમાં બળતરા અને જઠરતંત્રની તકલીફો. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ રસાયણની લાંબા–ગાળાના સંપર્કની અસરો : કેન્દ્રીય જ્ઞાનતંતુ પ્રણાલીને અસર, કેન્સર અને ડિપ્રેશન.

⇛ આ રસાયણ સાથે સંપર્કમાં આવ્યા હોવાના લક્ષણો : માથામાં દુ:ખાવો, સાંભળવામાં તકલીફ, થકાન, અશક્તિ, ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT